

રમેશ ઠક્કર

## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

જીવનના સુખ અને દુખ જાણવાની આ કસોટી છે
રડે એ આંખ સાચી છે,હસે એ આંખ ખોટી છે

લખું છું મરણના મક્તા ગઝલમાં એ ખરું "બેફામ"
માર્યો છું એમ માને કોઈ તો એ વાત ખોટી છે

કરામત છે કલમની એમ ના કહેશો ગઝલ માટે
એ કોઠાસૂઝ છે "બેફામ",હૈયાની હથોટી છે

- "બેફામ"

### પાથેય

## હૈયાઉકલત એટલે હૈયાની હથોટી

સામાન્ય રીતે આપણે સહુ એવું માનીએ છીએ કે જીવનના સંઘર્ષમાં બુધ્ધિ,બાહુબળ કે ધનદોલત થકી જ ટકીવ શકાય.મોટાભાગના સફળ કે જાણીતા લોકોને જોતાં આ સાચું પણ લાગે.માણસ પાસે શકિતઓ હોય.. ઉચ્ચ પ્રકારનું જ્ઞાન હોય કે અપાર સંપત્તિ હોય છતાં ઘણીવાર કટોકટી કે નિર્ણાયક તબક્કામાં આ તમામ બાબતો નિષ્ફળ જાય ત્યારે જ ચીજ રામબાણ જેવી સાબિત થાય એ છે માણસની કોઠાસૂઝ કે હૈયા ઉકલત... આપણે કોઠાસુઝ એ કળા અને વિજ્ઞાન બંને છે.આપણી ભાષામાં એને હૈયાઉકલત પણ કહે છે.એ કૉમનસેન્સની એસેન્સ ધરાવે છે..બુધ્ધિ અને ડહાપણનું સંમિશ્રણ છે..શાણપણની સહોદર છે..છતાં આ બધાથી અલગ છે.કોઠાસૂઝ અનુભવથી મળે છે.વારસાગત લક્ષણો પણ હોય છે.એ અર્થમાં જોઈએ તો એ એક કળા છે.જે જન્મજાત હોવા સાથે સંબંધ ગણી શકાય. માણસ મહાવરાથી કે આવડત કેળવીને પણ એ મેળવી શકે છે.કોઠાસૂઝનું કોઈ કોષ્ટક નથી.જેની પાસે આ આવડત હોય છે એ કોઈપણ પરિસ્થિતિને સીધા અર્થમાં સ્વીકારી લેતા નથી.પરંતુ એનું મૌલિક અર્થઘટન કરી પોતાની સમજણનો નીચોડ એમાં ઉમેરી એ બાબતે આગળ વધે છે.

એવું કહેવાય છે કે કવિ, પ્રેમી અને દેશભકત જન્મજાત હોય છે.એમાં કોઇ 'વૉઈસ ઑફ અબક' કે 'છોટે અમુકતમુક'ના હોય.'એવું જ કોઠાસુઝ નું ગણી શકાય..તરવું. .તસ્કરવું...ની માફક એ પણ આપકળા છે.હમણાં એક ગામમાં જવાનું થયું.ઝડપથી ખાટલા ઊપર બેસવા ગયો ત્યાં એક વડિલે ટપાર્યો.ઈસ સાચવી બેસવા કહયું..' સાચવો ઈસ અને બેસો વીસ..'આમાં હૈયાઉકલત છે..જેમાં અનુભવ નો અર્ક અને વાસ્તવિકતા રહેલી છે.મુત્સદીપણું આભાસી રીતે કોઠાસુઝ લાગે પણ એ અલગ આર્ટ છે..એમાં દાવપેચ જરૂરી છે.આમાં વ્યવહારિકતા જરૂરી છે છતાં બાંધછોડ નથી હોતી..જે લોકો સતત અભાવોની સામે જ ઝુકતા હોય છે એ આપોઆપ કોઠાસૂઝ વાળા બની જાય છે.ગ્રામ્ય વાતાવરણમાં જુદી જુદી અડચણો વચ્ચે રસ્તો શોધતા લોકોની કોઠાસૂઝ બહુ ઊંચી કક્ષાની હોય છે.

સતત વૈભવ અને જાહોજલાલીમાં રહેતા લોકો આ કળાને આત્મસાત કરી શકતા નથી,એવું સામાન્ય રીતે બનતું હોય છે.

જાહેરજીવનમાં વ્યસ્ત લોકો કે લેખકો માટે એ અનિવાર્ય છે..તો ગ?હિણી માટે એ હાથવગી હોય છે...બરાબર જમવાના ટાઈમે ચારપાંચ મહેમાનો આકસ્મિક આવી ચડે ત્યારે કુશળ ગૃહિણી જે રીતે એમને સાચવી લે છે એમાં ચોકકસ કોઠાસુઝ હોય છે.કયાં શું બોલવું કયાં જવું ના જવું એ તમામ બાબતોમાં કોઠાસુઝની કળા જરૂરી છે..લેખકે કયાં અટકવું એ પણ હૈયાઉકલત છે. ગાયનવાદનની દુનિયા,ડાયરો કે પર્ફોર્મિંગ આર્ટ્સ કે વક્તવ્યની કળામાં ક્યાં અટકી જવું કે ક્યાં કેટલો ભાર દેવો વગેરે બાબતો પોતાની રીતે જ કલાકાર નક્કી કરતો હોય છે.એ માટેના કોઈ ચોક્કસ માપદંડો હોતા નથી?.પોતાની આંતરસુઝથી જ આ બાબત નક્કી કરતા હોય છે.જેને બીજા અર્થમાં કોઠાસૂઝ જ ગણી શકાય.હૈયાઉકલતની આવડત એ વિજ્ઞાન અને કળા બંનેનો અદભુત સંગમ છે.એનું કોઈ શાસ્ત્ર નથી.આમછતાં એના કેટલાક ચોક્કસ નિયમો છે.કેટલુંક પોતાની રીતે વિચારવાનું હોય છે.આ બાબત વૈજ્ઞાનિક પણ છે અને એક આગવી કળા પણ છે.આ બંને અર્થમાં એનું મહત્વ છે.

# જીવતરના તાકામાં લાગણીઓનો વણાટ...

જિંદગીના આરોહ અવરોહની તાસીર અનોખી છે.કભી ખુશી કભી ગમ જેવી એની રમત છે.આપણા જીવનમાં કયારે શું બનશે કેવા સંજોગો સામે આવશે એ બાબતે કોઇ ધારણા થઈ શકતી નથી.બંધ બાજીના રોમાંચ જેવી આપણી હયાતી અને એના હસ્તાક્ષર સાજે જ વિસ્મય પમાડતા રહે છે..કેટલીક યાદો એવી હોય છે જેમાં વિષાદ પણ હોઇ શકે અને એની પછવાડે આનંદ પણ હોઇ શકે..મનગમતી કોઇક વ્યકિતનું આવી જવું એ ખુશીઓના ઉપહાર જેવી ઘટના છે.પરંતું આવનાર વિદાય પણ થશે એ ગમગીની માટેની જાણે પૂર્વ શરત બની જાય છે..જીવનમાં પોષતું તે મારતું એ ઘટમાળ અનવરત રીતે ચાલતી રહે છે..સ્મિત અને આંસુ પરસ્પર વારાફરતી મળતાં રહે છે...એ ધારણા ઉપરનો ઇંતજાર કયારેક કોઇ સુંદર કવિતા માટેનું કારણ બની જાય છે.

આપણે જીવીએ છીએ..જીવવા મળ્યું છે એટલે ! ના છૂટકે જીવાતા આયખાનો અનુભવો પણ મજાની હોઇ શકે..જીવનને કટપીસમાં જોવાનું હોતું નથી.જિંદગીનો એક સળંગ તાકો હોય છે...એના વણાટમાં પ્રત્યેક ધાગાનું મહત્વ રહેલું છે.કોઇ સુમધુર ગીતને સળંગ સાંભળવાનો લ્હાવો હોય છે..એ ખરૂં કે એના મુખડાથી એનો ઉઘાડ થાય છે..આશા અમર છે એવું કહેવાય છે.અને એ વાત ઉપર જ આમ તો ન્યોછાવર થઈ જવાય એવું હોય છે..અણસારો એ કયારેય જીવનભરનો સહારો બની જતો હોય છે.આપણને કયારેય એવો પ્રશ્ન નથી થતો કે આપણે જે જીવીએ છીએ એમાં આપણું પોતાનું કહી શકાય એવું જીવન કેટલું? આ વિસ્મયને કવિ પોતાના શબ્દોમાં કંડારે છે અને એ રીતે એક મર્મસભર વાત રજૂ કરી જાય છે.



સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

કોઇકે બહુ સરસ શબ્દોમાં જીવનની ફિલસૂફીને વ્યકત કરી દીધી છે "જો તમને સવારે ઉઠવામાં આનંદ ન આવે ,કામ કરવામાં અને કામ પૂરૂં કરવામાં આનંદ ન આવે ,કુટુંબના સભ્યો સાથે કે મિત્રો સાથે બેસીને જમવામાં આનંદ ન આવે ,તો તમારા માટે સુખી થવાની તક ઘણી જ ઓછી થઈ જાય છે.જો કોઇ વ્યકિત પોતાના સુખ કે દુ:ખ માટે મોટી માતબર નોકરી,ઢગલો એક પૈસા,ઘર્ષણ વિનાનું લગ્નજીવન કે પરદેશની સફર જેવા મોટા મોટા બનાવો ઉપર આધાર રાખે, તો તેને સુખ મળવાની સંભાવના ઓછી છે."

**આપણે જીવીએ છીએ..જીવવા મળ્યું છે એટલે ! ના છૂટકે જીવાતા આયખાનો અનુભવો પણ મજાની હોઇ શકે..જીવનને કટપીસમાં જોવાનું હોતું નથી.જિંદગીનો એક સળંગ તાકો હોય છે...એના વણાટમાં પ્રત્યેક ધાગાનું મહત્વ રહેલું છે.કોઇ સુમધુર ગીતને સળંગ સાંભળવાનો લ્હાવો હોય છે..એ ખરૂં કે એના મુખડાથી એનો ઉઘાડ થાય છે..આશા અમર છે એવું કહેવાય છે.અને એ વાત ઉપર જ આમ તો ન્યોછાવર થઈ જવાય એવું હોય છે..અણસારો એ કયારેય જીવનભરનો સહારો બની જતો હોય છે.આપણને કયારેય એવો પ્રશ્ન નથી થતો કે આપણે જે જીવીએ છીએ એમાં આપણું પોતાનું કહી શકાય એવું જીવન કેટલું? આ વિસ્મયને કવિ પોતાના શબ્દોમાં કંડારે છે અને એ રીતે એક મર્મસભર વાત રજૂ કરી જાય છે.**

સુખનો આધાર ઘણીવાર નાના નાના નિર્ભેળ આનંદમાં રહેલો હોય છે. સવારનો મજાનો નાસ્તો કે આપણા કમ્પાઉન્ડમાં ખીલતાં ફૂલો કે ચા પાણીનો આનંદ કે મસ્ત માણેલી ઉંઘ આપણા સુખી હોવા માટે મહત્વનાં પુરવાર થાય છે.આપણે અન્યના સુખો કે બીજાના માપદંડો વડે સરખામણી કરી સુખને પકડવાની કોશિશ કરતા રહીએ છીએ.આપણું જીવતર એ જાણે અન્ય કોઇના આયખાનો ઉતારો હોય એમ મિથ્યા ધખારા કરતા રહીએ છીએ..જીવતરની એક આગવી ઘરેડ હોય છે અને દરેક માટે એ પોતાની અને આગવી પણ હોય છે !

ઘણીવાર આપણે લોકોના કહેતા સાંભળીએ છીએ કે ' હું તો એકાંતપ્રેમી છું.." કેટલાક વળી નિજાનંદી હોવાની વાત કરે છે..જાત સાથે સંવાદ કરવાની શિખામણ પણ મળતી રહે છે..માણસ એકલો પડી શકે ખરો ? હકિકત એ છે કે માણસમાત્ર લાગણીભૂખ્યો હોય છે..એને બીજાની સામે વ્યકત થવું ગમે છે..કોઇકની સાથે વાત કરવું પસંદ પડતું જ હોય છે !

એક આદર્શ તરીકે કદાચ એવું કહી શકાય કે જાત સાથે જીવવું એ જ ઉત્તમ છે..માણસે મૌનનો ખૂબ મહિમા કર્યો છે..કોલાહલ પણ કુદરતી છેશે કદાચ ભૂલી જવાય છે..મૌનનો પડઘો હોય છે ! સાચું કહીએ તો આપણે અવ્યક્ત રહી જ શકતા નથી..બોલ્યા વગરની જિંદગી એટલી આનંદમય નથી હોતી..હકીકતમાં વાણી એ સંયમથી વ્યકત કરવાની કળા છે..એનો સદંતર લોપ શક્ય નથી.

એન્ટન ચેખોવની એક વાર્તામાં એનું પાત્ર જે ખાધેપીધે સંપન્ન હોય છે જાણીતી હસ્તી હોય છે..એ પ્રોટોકોલની રીતે કોઇની સાથે વાત કરવામાં નાનપ અનુભવે છે..એ માણસ એકલો પડે ત્યારે પોતાના ઘોડા સાથે વાતો કરે છે..આવું આપણી આસપાસ અનેક રીતે થતું આપણે જોતા હોઇએ છીએ...સુખસાહેબી અને વિશાળ આવાસોમાં એકલો રહેતો માણસ સોનાની પીંજરમાં પુરાવો હોય એવું અનુભવતો રહે છે.

માણસની પાસે એક ચાહત હોય છે..એના વિચારોનો વૈભવ હોય છે..લાગણી કે પ્રેમ પામવાની મહેચ્છા એનામાં કુદરતે સહજ મુકેલી છે..આહાર માટેની માણસની જે મુળભુત વૃત્તિ છે એમાં માત્ર પેટની ભૂખ નહીં લાગણીની ભૂખ પણ અભિપ્રેત છે..પોતાની વાતનો કયાંક વિસામો મળે..કોઇકની સાથે મનગમતો સંવાદ થાય એની એને તલાશ હોય છે..એના હદયમાં જે હરખની હેલી ઉમટતી હોય છે એની પરખ કોઇ કરે એ દરેકને ગમતું હોય છે..

માણસમાત્ર સંવાદ થકી જ જીવંત રહી શકે છે...એની આ વૃત્તિ જયારે બેકાબૂ બને ત્યારે જ લોકો એને શાંત રહેવાની શિખામણ આપે છે..સંવાદ એ સરળ હોય,ટૂંકો હોય, એમાં આરોહ અવરોહ કે શબ્દોની સરસ પસંદગી હોય તો સહુ કોઇને એ ગમી જાય છે...કુશળ વકતાઓ અને એમનાં પ્રવચનો આપણે વારંવાર સાંભળીએ છીએ..દિવસભર આપણે મોબાઇલ ઉપર કે રૂબરૂ કેટલા બધા લોકો સાથે સંવાદ કરતા રહીએ છીએ ? મૌનની શિસ્ત સાથે વાણીના ખળખળ વહેણને વહેવા દેવું એમાં જ કદાચ સંવાદનો મહિમા રહેલો છે..!

(rrthakkar2@gmail.com)

# સાપ્તાહિક રાશિફળ (તા. ૨૬-૦૮-૨૦૨૩ થી ૦૧-૦૯-૨૦૨૩ સુધી)

**૧. મેષ રાશિ (અ.લ.ઈ.)**

આ સપ્તાહ આપ આકસ્મિક બિમારીથી સાવચેત રહેશો. વ્યવસાય અંગે શુભત્વ પ્રાપ્ત થશે. આસ્તિક બનો અને વડીલોના આશીર્વાદ લેશો. સપ્તાહમાં અનેરો લાભ પ્રાપ્ત થશે. આધ્યાત્મિક કાર્યોમાં ખર્ચ થાય. ભાઈ-ભાંડુ સાથે સંપત્તિમાં લાભાલાભ પ્રાપ્ત થશે. મકાનના નવીન કાર્યો થાય. દાંપત્ય જીવનમાં માધુર્ય આવે. સૌનો સાથ મળે, સ્ત્રી વર્ગ માટે સમય પ્રતિકૂળ રહેશે. જમીન -લે વેચના કામ થાય. સંતાનના નોકરીના પ્રશ્ન ઉકલે. લોહી વિકાર જેવી બિમારી આવી શકે. નોકરીમાં બદલાવ આવે. વિદ્યાર્થીને ટેકનિકલ વિષયોમાં ધાર્યુ પરિણામ મળે. ગણેશ ઉપાસના કરવી.

**૨. વૃષભ રાશિ (બ.વ.ઉ.)**

આ સપ્તાહ પણ આરોગ્યની કાળજી લેવી. કોઈ બિમારીની શક્યતા નથી પરંતુ ખોરાકમાં ધ્યાન રાખવું. પરિવારનો સાથ સહકાર મળે. જમીન જાયદાદ અંગે લા મળે. વૈભવ સુખમાં વધારો થાય. આવક વધે. વ્યવસાયમાં સાવચેત રહેવું. દાંપત્યજીવન વિવાદ ઊભો કરી શકે. મોસાળથી લાભ, આનંદદાયક સમાચાર મળે. નાની યાત્રા થાય. મકાન,વાહનમાં ખર્ચ થાય. વ્યય ખોટી દિશામાં ન થાય તે જોવું. સંતાનથી લાભ. દાંપત્ય સુખમાં વાણીમાં સંચય જરૂરી, સ્ત્રીઓ માટે સમય અનુકૂળ. વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ અભ્યાસમાં પ્રગતિ, નોકરીમાં રાહત, શિવ ઉપાસના કરવી.

**૩. મિથુન રાશિ (ક. છ. ઘ.)**

આ સપ્તાહ આનંદ-મિજાજમાં સમય વ્યતિત થાય. સાંસારિક પ્રશ્નો ઉદ્વેગ આપે. ભાઈ-ભાંડુ-બહેનો સાથે સારા સંબંધ રાખવા. નાની મુસાફરીના યોગ છે. આવકમાં વૃદ્ધિ થાય. મકાન-જમીન અંગે ચિંતા રહે. ધાર્મિક કાર્યો કરવા. વ્યવસાયમાં દોડદામ રહે. સાંતિથી કામ લેવું, દરેક કાર્યમાં ધીરજથી આગળ વધવું. જરૂર લાભ થાય. વાયરલ રોગથી બચવું. દાંપત્ય જીવનમાં સુમધુરતા આવે, વાણીમાં સંયમ જરૂરી, ભાગ્યોદયમાં વિલંબ આવે. વિદ્યાર્થીઓ માટે પરિણામ પ્રાપ્ત કરવા અથાગ પરિશ્રમ જરૂરી, નોકરીમાં લાભ પ્રાપ્ત થાય. દુર્ગાશપ્તસતિના પાઠ કરવા.

**૪. કર્ક રાશિ (ડ.હ.)**

આ અઠવાડિયે આપ માનસિક - શારીરિક શાંતિ અનુભવો. કામમાં ગતિશીલતા આવે. આવકનો સ્ત્રોત ઊભો થાય. ભાઈ ભાંડુ સહકાર આપે. આંખોની કાળજી લેવી. મકાન, વાહન, જમીનના પ્રશ્નો અંગે યથાવત સ્થિતિ રાખવી. સંતાનમાં પ્રગતિથી લાભ, અકસ્માતથી સાવચેતી રાખવી. નાણાંકીય રોકાણ ન કરવું, વૈભવમાં વધારો થાય. સંસાર જીવનમા મધુરતા આવે. ભાગ્યોદય થાય. વડીલ સાથે મતભેદ ન રાખવા. સ્ત્રીઓ માટે સમય શુભ છે. સ્થગિત થયેલ કામ થાય. નોકરીયાત માટે પગાર વધારો, પ્રમોશન મળે, શિવ ઉપાસના કરવી.

**૫. સિંહ રાશિ (મ.ટ.)**

આ સપ્તાહ આપે માનસિક સંતુલન જાળવવું. ઉગ્રતા ન લાવવી, શાંત મન રાખી નિર્ણય કરવા. જો કે આવકનો સ્ત્રોત ઊભો થશે. મકાન, જમીન અંગેના કામ થાય. સંપત્તિમા વધારો થાય. વૈભવ સુખમાં વધારો થાય. ભાઈ-ભાંડુનો સહકાર ન મળે. માતાનાં સાનિધ્ય પ્રાપ્ત થાય. આશીર્વાદ મેળવવા છુપા દુશ્મનોથી સાવધ રહેવું, મનની વાત મનમાં રાખવી. મિત્રોનો ભરોસો ન રાખવો. દાંપત્ય સુખાકારી, ભાગીદારીમાં શુભફળ મળે. સ્ત્રીઓ માટે પ્રતિકૂળ સમય, વિલંબિત પ્રશ્નો ઉકલે. ભાગ્યોદયમાં ચડતી-પડતી આવશે. સ્ત્રી વર્ગ માટે સમય પ્રતિકૂળ. વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ અભ્યાસ માટે પ્રયત્ન કરવો. કુળદેવીની પૂજા આરાધના કરવી.

**૬. કન્યા રાશિ (પ.ઠ.ણ.)**

આ સપ્તાહ તંદુરસ્તી જળવાઈ રહે. શારીરિક સુખાકારીમાં વધારો થાય. માનસિક ઉદ્વેગ તેમજ માનસિક પીડા હેરાન કરે. આવક-જાવકના પાસાં સમતોલ રહે. જે તે બાબતમાં વિચારીને આગળ વધવું. કૌટુંબિક સુખાકારીમાં ઘટાડો થાય. વાદ-વિવાદ ઊભા થાય. વ્યવસાયમાં એક સાંધો ત્યાં તેર તૂટે તેવો ઘાટ થાય. બુદ્ધિથી કામ લેવું, મકાન, વાહનમાં વધારો થાય. સંતાન તરફથી સહકાર અને સુખ મળે, ગુપ્તરોગ જેવી બિમારીથી કાળજી લેવી, અકસ્માતથી બચવું સ્ત્રી વર્ગ માચે સામાન્ય સમય, દાંપત્ય સુખ વધશે. નોકરીમાં ફેરફાર થાય. દુર્ગા ઉસાપના કરવી.

**૭. તુલા રાશિ (ર.ત.)**

આ સપ્તાહ શારીરિક - માનસિક વ્યગ્રતા અનુભવાય. જો કે નાણાંકીય ક્ષેત્રે લાભો પ્રાપ્ત થાય. આવકના સ્ત્રોત ઊભા થાય. ભાઈ-ભાંડુનો સહકાર મળે. વારસાગત સંપૂર્ણ વહેંચણી હોય તો નિર્વિઘ્ને પાર પડશે. પ્રતિષ્ઠામાં વધારો થાય. મકાન, જમીન, વાહન નવા ખરીદી શકો. સંતાનના પ્રશ્નો યથાવત ઊભા રહે. કોર્ટ અંગેના કામોનો ઉકેલ આવે. જાહેર જીવન, રાજકારણ વગેરેમાં સફળતા મળે, દાંપત્ય જીવન સુખમય, સ્ત્રીઓ માટે, સમય સાનુકૂળ છે. વૈભવ સુખમાં, વધારો થાય. તેને લગતાં વ્યવસાયમાં ફાયદો. નોકરીમાં નાણાંકીય ફાયદો થાય. લક્ષ્મી ઉપાસના કરવી.

**૮. વૃશ્ચિક રાશિ (ન.ય.)**

આ સપ્તાહ આપને માનસિક તાજગી અનુભવાય. મન પ્રફુલ્લિત રહે. આપ વ્યસ્ત પણ રહેશો. નવા સોદા થતાં વ્યવસાયમાં વ્યસ્ત વધુ રહેશો. આપના કૌટુંબિક પ્રશ્નોનો ઉકેલ આવે. સૌ સાથે મધુર સંબંધો જળવાય. માતાને સ્વાસ્થ્ય જાળવવું. મકાન, વાહન કે અન્ય સંપત્તિ અંગે કોઈ નવા નિર્ણય ન લેવા. આકસ્મિક રોગથી સાચવવું. નાની યાત્રા થાય. ભાગ્યોદય થાય. વ્યવસાયમાં ભાગીદારોથી સાચવવું. સ્ત્રી વર્ગ માટે શુભ ફળ પ્રાપ્ત થશે. નોકરિયાત માટે બદલીની શક્યતા રહે. ગણેશ ઉપાસના કરવી.



જ્યોતિષાચાર્ય
વિષ્ણુભાઈ વૈષ્ણવ

**૯. ધન રાશિ (ભ.ધ.ફ.થ.)**

આ સપ્તાહ આપ શારીરિક-માનસિક તાજગી અનુભવો. આવકની દૃષ્ટિએ શુભ સમય, કૌટુંબિક સંબંધો સુધરે. સુમેળ સધાય ભાઈ-ભાંડુ વિરોધી બની શકે. નાની યાત્રા થાય. ખભાના ભાગે ઈજા ન થાય તે જોવું. સંતાનથી ઉદ્વેગ થાય. દાંપત્ય જીવન સમુધુર બને. ભાગ્યોદયમાં વૃદ્ધિ થાય. સ્ત્રીઓ માટે સાનુકૂળસમય છે. વ્યવસાયમા જમીનને લગતા પ્રશ્નો ઉકલે. મકાન, વાહન, અંગે નવા કાર્યો થઈ શકે. વિદ્યાર્થીઓ માટે સફળતા મળે. વડીલોની સેવા કરવી.

**૧૦. મકર રાશિ (ખ.જ.)**

આ સપ્તાહ આપની તંદુરસ્તી યથાવત રહે. આવકના પ્રશ્નો સતાવે. કુટુંબીજનોનો સહકાર ન મળે. વાણી સંયમ રાખવો. સંપત્તિ અંગે સ્થિતિ યથાવત રાખવી. ખાસ ફેરફાર ન કરવા. લાંબી વિચારણા બાદ આગળ વધવું. દાંપત્ય જીવન સુખમય. સ્ત્રીઓ માટે સાનુકૂળસમય. ઈચ્છા મુજબ કાર્ય થાય. ભાગ્યોદય થાય. વ્યવસાય અંગે સારા સમાચાર મળે. પારિવારિક સંબંધો જાળવવા. આવકના પ્રશ્નો ધીમે ધીમે ઉકલે. નોકરીમાં સાચવવું. વિદ્યાર્થીઓ માટે શુભ ફળ, હનુમાનજીની ઉપાસના કરવી.

**૧૧. કુંભ રાશિ (ગ.શ.સ.ષ)**

આ સપ્તાહે આપને માનસિક શારીરિક પીડા ઘેરી શકે છે. તંદુરસ્તી માટે કાળજી લેવી આર્થિક દૃષ્ટિએ જોતાં આવકના સ્ત્રોત ઊભા થાય. આપના પરાક્રમમાં વધારો થાય. કૌટુંબિક સહકાર મળે. પરંતુ પોતાના જ હિત શત્રુથી સાવચેત રહેવું. સંપત્તિ અંગેના પ્રશ્નો ઉકલે, નવા આયોજન થાય. સંતાન તરફથી સહયોગ મળે. દાંપત્ય સુખાકારી વધે, ધંધો, વાણિજ્ય ક્ષેત્રનો હોય તો ભાગીદારી ન કરવી, સ્ત્રીઓ માટે આકસ્મિક લાભ. વિદ્યાર્થીઓને સાનુકૂળ સમય. સરસ્વતી ઉપાસના કરવી.

**૧૨. મીન રાશિ. (દ.ચ.ઝ, થ.)**

આ સપ્તાહ આપના માટે નવી તાજગી લઈ આપ્યું છે. આરોગ્ય સુખાકારી સાચી રહે. યાત્રા - પ્રવાસ થાય. પરિવાર સાથે આનંદમય સમય પસાર થાય. આર્થિક દૃષ્ટિએ આકસ્મિક લાભ થાય. સાથે નુકશાનની પણ તૈયારી રાખવી. સંતાનથી લાભ. તેના પ્રશ્નો ઉકલે. અકસ્માતથી ધ્યાન રાખવું. ધંધા વ્યવસાયમાં પ્રગતિ જણાય. મકાન જમીનના પ્રશ્નો ઉકલે.નવું આયોજન થાય. દાંપત્ય જીવન, સમુધુર સ્ત્રીઓ માટે વાણીનો સંયમ જરૂરી, વિદ્યાર્થીઓ માટે પરદેશ અભ્યાસ કરવાની ઉમ્મિદ પુરી થાય.

મો. ૯૮૨૪૬૪૭૪૩૫

### સપ્તાહના તહેવાર - પંચાગ

| |
|---|
| તા. ૨૭-૦૮-૨૩ પવિત્ર એકાદશી (પુત્રદા) |
| તા. ૨૮-૦૮-૨૩ પવિત્ર બારસ |
| તા ૩૦-૦૮-૨૩ રક્ષાબંધન, (રાત્રીથી) નાળિયેરી પૂનમ |
| તા. ૩૧-૦૮-૨૩ રક્ષાબંધન |
| તા. ૦૧-૦૯-૨૩ જીવંતિકા વ્રત, હિંડોળા |

# યુસુફ મહેરઅલી: ખોજા જમાતનું રત્ન, પણ તેમની અંતિમ યાત્રામાં ખોજા જમાતની જ ગેરહાજરી!

ખોજા પ્રજા અન્ય ગુજરાતી મુસ્લિમ જાતિઓ કરતાં પ્રમાણમાં વિશેષ શિક્ષિત છે અને આધુનિક પણ છે. સ્ત્રીશિક્ષણમાં પણ તેઓ અગ્રેસર છે. આ લોકોને પીરોએ 'ખ્વાજા' એટલે મહાનનું બિરુદ આપ્યું છે. 'ખ્વાજા'નું અપભ્રંશ રૂપ 'ખોજા' થયેલ છે. ખોજાઓની વસ્તી ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને હૈદરાબાદ શહેરમાં મોટા પ્રમાણમાં છે. આગા ખાન તેમના ન્યાયી નેતા હતા. તેમની શિસ્ત અને સંગઠનની ભાવના માટે જાણીતા તેઓ ભારતમાંના હિંદુ ધર્મમાંથી ઈસ્લામમાં પરિવર્તિત થયેલા છે.

ગુજરાતની ધરતીમાં ખોજા પરીવારના જે મહાન પુત્રો પેદા થયા એમાં મહમ્મદ અલી ઝીણાનું નામ એક મશાલની જેમ ચમકી રહ્યું છે. ખોજાઓમાં જેમનું પ્રથમ નામ લેવું પડે તેવું નામ છે મહમ્મદ અલી ઝીણાભાઈ પૂંજાભાઈ. દાદા પૂંજાભાઈ લોહાણા હતા, પિતા ઝીણાભાઈ ખોજા હતા. મુંબઈ આવીને પૂંજાભાઈના પૌત્ર મહમ્મદ અલી ઝીણાએ જિન્નાહ નામ ધારણ કર્યું જે પાકિસ્તાનના રાષ્ટ્રપિતા હતા.

'બેફામ' તોયે કેટલું થાકી જવું પડ્યું! નહિ તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી.' અને 'ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી કે સારા હોય છે એની દશા સારી નથી હોતી' જેવી માત્ર બે જ પંક્તિમાં જીવનનો મર્મ સમજાવતી ગઝલના રચયિતા અને સાહિત્ય, શાયરી અને પત્રકારત્વની દુનિયામાં ખોજા પરિવારમાં કેટલાંય પરિચિત નામો છે. જે પૈકી સર્વપ્રથમ આવે ભાવનગરમાં જન્મેલા ખોજા શાયર કે જેમનો ઘૂંટાયેલો સ્વર સાંભળવા લોકો રાતભર બેસી રહેતા જેમનું તખ્લુસ્સ નામ છે ' બેફામ' એવા બરકતઅલી ગુલામહુસેન વિરાણી. અબ્બાસભાઈ વરતેજી તો સાબરમતી આશ્રમમાં ગાંધીજીના અંતેવાસી હતા.

ભારતની આઝાદીમાં ખોજા પરિવારે ખૂબ મહત્વનું યોગદાન આપેલ છે. જેમાં યુસુફ મહેરઅલી અગ્રીમ હરોળમાં આવે. ભારતીય સમાજવાદી પક્ષના સ્થાપકોમાંના એક અને જુવાનીમાં ગુજરી ગયેલા પ્રખર બુદ્ધિજીવી યુસુફ મહેરઅલીમાં જરાય કોમવાદી નહીં અને આખું જીવન તેમણે ફક્ત ને ફક્ત દેશ માટે જીવન સમર્પિત કરેલું. તેઓ તે વખતના બોમ્બે અને હાલના મુંબઈના મેયર હતા. સાયમન કમિશનમાં ભારતીય સભ્યોની ગેરહાજરીથી ભારતીયો જ્યારે ઉશ્કેરાયા હતા. જ્યારે આ કમિશન મુંબઈના ગેટ વે ઓફ ઈન્ડીયા આવ્યું ત્યારે મહેરઅલી દ્વારા બનાવેલ ' સાઈમન ગો બેક ' નો સુત્રોચ્ચાર કરી તેને પાછું મોકલવાના નારા લગાવવામાં આવ્યા. તે વખતે તેમની મુંબઈમાં ધરપકડ કરવામાં આવી અને તેમને પીપની અંદર મૂકીને એ પીપ રસ્તા ઉપર લાંબા અંતર સુધી ફેરવવામાં આવ્યું હતું. તેમના આ અનુભવને તેઓએ "એક કંટાળાજનક મુવીંગ એકસપીરીયન્સ' તરીકે વર્ણવ્યો હતો. તેઓ બોમ્બે યુથ લીગ અને કોંગ્રેસ સોશ્યલિસ્ટ પાર્ટીના સ્થાપક હતા. 'ભારત છોડો' સૂત્રને આધારે આખો દેશ એક થયો હતો એ સુત્ર દુનિયા માને છે તેમ મહાત્મા ગાંધીનું હતું, પરંતુ ઈતિહાસકારો તેની સાથે સહમત નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, 'ભારત છોડો' નો નારો લખવાનો શ્રેય કોંગ્રેસ નેતા યુસુફ મેહરઅલીને જાય છે. એવું કહેવાય છે કે તેઓ ગાંધીજીના ખૂબ જ નજીક હતા અને તેમણે આ ચળવળ શરૂ કરવાના થોડા સમય પહેલા ગાંધીજીને આ સૂત્ર સૂચવ્યું હતું. તે સમયે યુસુફ બોમ્બેના મેયર હતા. શાંતિકુમાર મોરારજીએ નોંધ્યું છે કે ગાંધીએ બોમ્બેમાં તેમના સાથીદારોને સ્વતંત્રતા માટે શ્રેષ્ઠ સૂત્ર આપ્યું હતું. પણ જ્યારે સાયમન કમિશનનો વિરોધ કરવા કેવા સુત્રોચ્ચાર કરવા તે માટે વિવિધ સુત્રો અનેક તજજ્ઞો પાસેથી મંગાવવામાં આવ્યા ત્યારે કોઈએ 'ગેટ આઉટ' સૂચવ્યું. ગાંધીએ તેને અસભ્ય ગણાવીને નકારી કાઢ્યું. રાજગોપાલાચારીએ 'રિટ્રીટ'... અથવા 'પાછી ખેંચો' નો ઉલ્લેખ કર્યો છે. તેને પણ ગાંધીજીએ માન્ય ન રાખ્યું. યુસુફ મહેરલીએ ગાંધીજીને 'ભારત છોડો' શિલાલેખ ધરાવતું ધનુષ્ય આપ્યું. ગાંધીએ મંજૂરી આપતાં કહ્યું 'આમીન'. આમ, મહેરઅલી દ્વારા આપવામાં આવેલ ' ભારત છોડો' સુત્ર અમર બની ગયું. ૧૯૪૨ માં ' ભારત છોડો' ની લડતમાં તેમને કારાવાસમાં ધકેલવામાં આવ્યા હતા પરંતુ જેલમાં તેઓ ગંભીર બિમાર પડતાં વહેલા મુક્ત કરવામાં આવેલ. સ્વતંત્રતા સંગ્રામમાં તેઓ ૮ વખત જેલમાં ગયા હતા.



ઉજળો વારસો
સતીષ ચારણ
sscharan_aaa@yahoo.co.in

ખોજા કોમ માટે પૂજનીય એવા ખોજા કોમના વડા આગાખાનને તેમણે એકવાર કહેલું કે, આપ ઈશ્વરના અવતાર છો એવું હું માનતો નથી, ત્યારે આગાખાને જવાબમાં કીધું કે, ભલે તમે ન માનતા હો, પરંતુ અમે તો માનીએ છીએ કે તમે ખોજા જમાતનું રત્ન છો. તેમના સુધારાવાદી અને રાષ્ટ્રવાદી વિચારોને કારણે તેમની જ કોમમાં તેઓ અળખામણા હતા. તેમનું અવસાન ૨ જુલાઈ,૧૯૫૦ થયેલું અને શબયાત્રા મુંબઈના કોંગ્રેસ હાઉસમાંથી નીકળેલી તે વખતે તેમની અંતિમ યાત્રામાં તેમના સમાજના કોઈ ખોજાઓ હાજર નહોતા રહ્યા અને જ્યારે તેમની શબ વાહિની તેમના સમાજના લોકોના ઘરની આગળથી પસાર થઈ ત્યારે આ કુટુંબોએ ઘરના બારીબારણાં પણ ઉઘાડા નહોતા રાખ્યા.

(મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧